ગાંધીનગર સમાચાર

તા. ૨૩-૨-૨૦૧૨, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### હડતાલ એ સમસ્યાનો સાચો ઉકેલ નથી

દેશભરમાં મજૂર યુનિયનો દ્વારા સળંગ બે દિવસની હડતાલને કારણે જનજીવન પર ઘણી અસર પડે તે સ્વાભાવિક છે. મોંઘવારી તથા સરકારની આમ જનતા વિરોધી આર્થિક નીતિના વિરોધમાં અગિયાર ટ્રેડ યુનિયનોએ આ હડતાલની હાકલ કરી છે. હડતાલને કારણે અત્યંત આવશ્યક એવી સરકારી બેંક સેવા અને ટપાલ સેવા ઉપરાંત વાહનવ્યવહાર સેવા પણ ખોરવાઈ જતાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાય છે. ખુદ સુપ્રીમ કોર્ટે આવી હડતાલને ગેરકાયદે ગણાવી હોવા છતાં યુપીએ સરકાર વિરોધી રાજકીય પક્ષોએ હડતાલને સમર્થન આપ્યું છું. ગુજરાતમાં હડતાલને સરકારનું અને સત્તાધારી પક્ષનું સમર્થન હોઈ અમદાવાદ જેવા મહાનગરની લાઈફલાઈન સમી મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવા અને આખા ગુજરાતની પ્રજા માટે આશીર્વાદ સમી એસ.ટી. બસ સેવા થંભી ગઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પાસે પોતાની માલિકીનાં વાહનો નથી હોતાં, વળી આવા જ લોકોને રોજ કમાઈને રોજ ખાવાનું હોય છે. હડતાલને કારણે એમની આજીવિકા ખોરવાઈ જાય તે સ્વાભાવિક છે. પરંતુ ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા જાવડેકર એમના ખંધા હાસ્ય સાથે હડતાલને વાજબી ઠેરવતાં કહે છે કે સરકારે મજૂરવર્ગનું શોષણ કર્યું છે, એટલે ટ્રેડ યુનિયનોએ લીધેલ આ નિર્ણયને અમારો ટેકો છે. હડતાલએ પ્રશ્નોનો ઉકેલ નથી. એથી કરોડો માનવદિન વેડફાતા હોય છે. કારખાનાં બંધ રહેવાથી ઉત્પાદન ઘટે છે. વાહનવ્યવહાર ખોરવાતાં વિદ્યાર્થીઓનું ભણતર બગડે છે. ઉત્પાદન ઘટે છે. એ એક પ્રકારનું નકારાત્મક શસ્ત્ર છે. જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ મળતી નથી અને મળે તો બહુ જ મોંઘી મળે છે. એક તરફ સરકારની પ્રજા વિરોધી આર્થિક નીતિઓનો વિરોધ કરવાનો અને બીજી તરફ જાતે જ મોંઘવારી વધારવામાં ફાળો આપવાનો! ટ્રેડ યુનિયનો મજૂરોનાં આર્થિક હિતોની, પગાર-વધારાની કે એમની અન્ય વિટંબણાઓની રજૂઆત કરે તે બરાબર ગણાય, પરંતુ એ માટે ન્યાયપૂર્ણ રસ્તે આંદોલન થવું જોઈએ. હડતાલ પાડી દેવાથી તો ઊલટા અસંખ્ય નિર્દોષ લોકો વગર વાંકે દંડાય છે. સવારના દૂધથી લઈ દવાખાના સુધીની બાબતોમાં ડગલેને પગલે તકલીફો વેઠવી પડે છે. મજૂરોના હિતેચ્છુ ગણાતા કેન્દ્ર સરકારના મંત્રી હરીશ રાવતે પણ હડતાલની તરફેણ કરી છે તે શું સૂચક નથી? રાજકીય પાર્ટીઓ અને નેતાઓ દરેક મુદ્દો મતના રાજકારણની સરાણએ ચડાવીને વાત કરે છે. તે લોકો સમજે છે કે ટ્રેડ યુનિયનોની નારાજગી વહોરવાથી ચૂંટણીમાં નુકશાન થવાની સંભાવના છે. જો આ જ નેતાઓ વેળાસર મજૂરોના પ્રશ્નો પ્રત્યે સંવેદનાશીલ અભિગમ અપનાવે તો હડતાલની નોબત આવે ખરી? પરંતુ સરકારો માલેતુજારોનાં હિતોને નજરમાં રાખી નિર્ણયો લેતી રહે છે અનેગરીબો સામે નજર કરવાની તો એમને ફુરસદ જ નથી હોતી. ફક્ત ચુંટણી વખતે એમને ગરીબો અને મજૂરો સાંભરે છે. ટ્રેડ યુનિયનોના નેતાઓ પણ રીઢા રાજકારણી જ બની ગયા છે. તેઓ વાતો મજૂરોના હિતની કરતા ફરે છે પણ એમની સાંઠગાંઠ સત્તાધીશો સાથે અને રાજકારણીઓ સાથે હોય છે. ઘણા બધા ટ્રેડ યુનિયન નેતાઓ રાજકારણીઓના પાળેલા કૂતરાઓની જેમ વર્તે છે. ત્યારે પ્રજાને છેતરાયાનો અહેસાસ થાય છે. જો કે પ્રજા પાસે તો એક તરફ સરકારની પ્રજાવિરોધી અર્થનીતિનો અને બીજી તરફ હડતાલની હાડમારીનો મૂંગે મોંએ માર ખમવા સિવાય વિકલ્પ જ ક્યાં બચે છે?

## પ્રેરણા વિદ્યાલયમાં માતૃભાષા દિનની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

પ્રેરણા વિદ્યાલય ગાંધીનગરમાં ગાંધીનગર કલ્ચરલ ફૉરમ દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે આયોજન કરવામાં આવ્યું હતું.

કલ્ચરલ ફૉરમના પ્રતિનિધિ શ્રી સંજયભાઈ થોરાત અને સાહિત્યકાર રાઘવજી માધડ ગાંધીનગર સમાચારના સુપ્રભાતના લેખક સુરેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ તરફથી કવિતા રજૂ કરવામાં આવી હતી. સાહિત્યકારો, કવિ, લેખકોએ પરિચયના ચાર્ટ રજૂ કર્યા હતા.

રાઘવજીભાઈ માધડ માતૃભાષાનું મહત્ત્વ સમજાવ્યું હતું. સંજયભાઈ થોરાતે, સુરેશભાઈ ભટ્ટે, માતૃભાષાની આપણાં જીવનમાં જરૂરિયાત સમજાવવી હતી.

સુપરવાઈઝર મનિષભાઈ ખત્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરેલ હતું. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા સ્વાતીબા રાઓલે માતૃભાષાનું મહત્વ સમજાવ્યું હતું.

## વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવારસદનો ત્રિદશાબ્દી વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૨

સદ્‌વિચાર પરિવાર સંચાલિત શ્રી હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ઉવારસદ ખાતે તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સવારે ૯.૩૦ કલાકે ત્રિદશાબ્દી વાર્ષિકોત્સવ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે.

ત્રિદશાબ્દી વાર્ષિકોત્સવ અને સ્નેહમિલન કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ઓ.એન.જી.સી.ના ઈ.ડી. અનિલભાઈ જોહરી, મુખ્ય મહેમાન તરીકે વી.આર. પટેલ, સી.કે. પટેલ તથા અતિથિ વિશેષ તરીકે દર્શિતાબેન શાહ, રસિકભાઈ પટેલ, લાખેશ પટેલ, અજય પટેલ તથા ડૉ. પરબત કડોરિયા ખાસ ઉપસ્થિત રહેસે.

### આજે રાસ બિહારી દેસાઈને સ્વરાંજલિ આપતો કાર્યક્રમ યોજાશે

ગુજરાતી સુગમ સંગીતને ઉચ્ચત્તમ શિખરે પહોંચાડનાર ખરજ સ્વરના સર્વોત્તમ સ્વામી સ્વ. રાસ બિહારી દેસાઈને સ્વરાંજલિ આપતો કાર્યક્રમ આજે તા. ૨૩મી ફેબ્રુઆરી-૨૦૧૩ને શનિવારે સાંજે ૪.૪૫ કલાકે માઉન્ટકાર્મેલ સ્કૂલ હોલ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે.

શિવરંજની સંસ્થાના ઉપક્રમે વિભાબેન દેસાઈ, અમર ભટ્ટ, ગાર્ગી વોરા, સોનિક સુથાર અને હસમુખ બારોટ આ પ્રસંગે મહાન કલાકારને સ્વરાંજલિ આપશે એમ પ્રમુખ વાગ્મિન બૂચે જણાવ્યું છે.

## બોર્ડ પરીક્ષાને ધ્યાને લઈ ૨૬મીએ પરીક્ષા સમિતિની બેઠક યોજાશે

### તકેદારીના પગલા સંદર્ભે કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૨

આગામી તા. ૭ માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવનાર છે. બેઠકમાં પરીક્ષા દરમિયાન તકેદારી માટેના પગલા સંદર્ભે ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવશે. બોર્ડ પરીક્ષાના સફળ આયોજન માટે બેઠક દરમિયાન જરૂરી નિર્ણયો લેવાશે.

આગામી મહિનાના પ્રથમ સપ્તાહના અંતમાં ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા યોજવામાં આવનાર છે. તા. ૭ માર્ચથી શરૂ થનારી આ પરીક્ષામાં જિલ્લામાંથી ધો. ૧૦ના ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. જ્યારે ૨૬ કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ધો. ૧૨ સા. પ્રવાહની પરીક્ષામાં પણ ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં પણ ૫૩૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસવાના છે. બોર્ડ પરીક્ષાના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ પરીક્ષાલક્ષી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બોર્ડની મહત્વની પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેમજ પારદર્શકતા જળવાઈ રહે તે માટે સ્થાનિક સ્કવોર્ડની ટીમો પણ તૈયાર કરી દેવાઈ છે. આ ઉપરાંત પરીક્ષાને અનુલક્ષી કન્ટ્રોલરૂમ તેમજ વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવાઈ છે. જ્યારે પરીક્ષા સફળ રીતે યોજાય તેમજ આ માટે તકેદારીના પગલા લેવા પણ આગામી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવનાર છે. જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા શિક્ષણાધિકારી તેમજ પોલીસતંત્રના અધિકારીઓની હાજરીમાં આ બેઠક યોજવામાં આવશે. બેઠક દરમિયાન પરીક્ષા કેન્દ્રો આસપાસ પણ જરૂરી તકેદારીના પગલા લેવા આયોજન કરવામાં આવશે.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલના ધોરણ ૭ થી ૯ના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં પ્રકૃતિ શિક્ષણ શિબિર વનચેતના કેન્દ્ર, સે-૩૦ ખાતે યોજાઈ હતી.

પર્યાવરણ પ્રકૃતિમાં રસ ધરાવતા વિદ્યાર્થીએ તાજેતરમાં વનચેતના કેન્દ્ર, સેકટર-૩૦ ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જોડાઈ સાબરમતી નદી કિનારે પરિભ્રમણ, કોમ્પ ફાયર, આકાશ દર્શન, પક્ષી દર્શન, પ્રકૃતિલક્ષી વાર્તાલાપ, કવીઝ સ્પર્ધા, કવિતા વાંચન, નાટિકા જેવી અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. બાળકોમાં સમાનતા, દેશભકિત, પ્રકૃતિ સંવર્ધન તથા અભિનયની કળા વિકસે તે માટે દરેક વિદ્યાર્થીના ગૃપ પાડી સર્વાંગી વિકાસ લક્ષી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.



### મુલ્કી સેવા વૉલીબોલ સ્પર્ધામાં પસંદગી

ભારત સરકારના કેન્દ્રીય મુલ્કી સેવા અને સંસ્થાન નવી દિલ્હીના ઉપક્રમે પૂના ખાતે તા. ૨૪મી ફેબ્રુઆરીએ અખિલ ભારતીય મુલ્કી સેવા વૉલીબૉલ સ્પર્ધા યોજાશે. ગુજરાતના એ.એસ.પરમાર - હેડ કલાર્ક, અધિક પોલીસ મહાનિદેશકની કચેરી, સેકટર-૮, સી.એસ. ડુડેન, - હેડ કલાર્ક અધિક પોલીસ મહાનિદેશક કચેરી, સીઆઈડી. ક્રાઈમ પોલીસ ભવન સેકટર-૧૮નો સમાવેશ થાય છે.

## આદર્શ નિવાસી કન્યા શાળા સે. ૧૩માં માતૃભાષા દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

આદર્શ નિવાસી કન્યા શાળા અનુસૂચિત જાતિ અને વિચરતી જાતિના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં કલ્ચરલ ફોરમના સહયોગથી શાળામાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાની ધો. ૯ અને ૧૧ની પાંચ વિદ્યાર્થિનીઓએ માતૃભાષાના મહત્વના વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા સ્વાગત વિધિથી કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલ સાહિત્યકાર સુશ્રી માર્ગીબેન હાથીએ માતૃભાષાનું મહિમાગાન પીરસતા જણાવ્યું હતું કે ગુજરાતીનો 'માતૃભાષા' કહેવાય છે. 'પિતૃભાષા' નહી કારણ કે તે માના પિંડમાંથી ઘડાય છે. વ્યક્તિને માતૃભાષા સાથે નાભિ-નાળનો સંબંધ છે. જો વ્યક્તિ માતૃભાષા ગુમાવે તો બધુ જ ગુમાવે છે. માતૃભાષા એ વિચાર, વ્યવહાર, અભિવ્યક્તિ, સંસ્કાર તથા સંસ્કૃતિની ભાષા છે. અંગ્રેજીના પ્રોફેસર માર્ગીબેને જણાવ્યું હતું કે આપણા ગુજરાતી શબ્દો વિશેષ ભાવ દર્શાવે છે અને ભાષાનું અનુવાદ થઈ શકે પણ ભાવનો નહીં. આ સાથે તેમણે માતૃભાષાનાં ગુણગાન સુંદર કાવ્ય કૃતિઓનું પઠન કરેલ હતું.

આ પ્રસંગે કલ્ચરલ ફોરમ ગાંધીનગરનાં મુંજાલભાઈ રાવલ અને રાજનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આદર્શ નિવાસી અ.જા./વિ.જા. કન્યા શાળા, સે. ૧૩ ની કુલ ૨૩૦ વિદ્યાર્થીનીઓ તથા સ્ટાફગણે મહેમાનના પ્રવચનનો લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ વિ.જા.ના શ્રીમતી સ્વાતિબેન ઉપાધ્યાયે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અમિતાબેન પરમારે કર્યું હતું. શાળાનાં આચાર્ય શ્રીમતી કુસુમબેન ચૌહાણે ધ્વનિસંદેશ દ્વારા શુભેચ્છા પાઠવી હતી.



## બેસ્ટ સીટીઝન ઓફ ઈન્ડિયા એવોર્ડ પ્રદીપભાઈ ગગલાણીને અર્પણ

દિલ્હી સ્થિત બેસ્ટ સીટીઝન્સ ઓફ ઈન્ડિયા તરફથી ભારતભરના સાહિત્ય, શિક્ષણ, ઉદ્યોગ, વિજ્ઞાન, સંશોધન ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનાર મહાનુભાવોને બેસ્ટ સીટીઝન ઓફ ઈન્ડિયા એવોર્ડ આપીને સન્માનીત કરવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગરની શિક્ષણ સંસ્થા ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના સ્થાપક અને આચાર્ય પ્રદીપ ગગલાણીને બેસ્ટ સીટીઝન ઓફ ઈન્ડિયા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે ટાઉનહોલમાં યોજાયેલા કાર્યક્રમમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર દોલતભાઈ ભટ્ટ, ગુજરાત સરકારમાં આઈ.એ.એસ. અધિકારી તરીકે જુદા જુદા વિભાગોમાં સફળ કામગીરી બજાવનાર અને પ્રતિષ્ઠિત સાહિત્યકાર વસંતભાઈ ગઢવી અને વાગ્મિનભાઈ બૂચના વરદ્ હસ્તે તાજેતરમાં પ્રદીપભાઈ ગગલાણીને બેસ્ટ સીટીઝન ઓફ ઈન્ડિયા એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંતભાઈ જ્હા, સાહિત્યકાર તુષાર શુકલ અને સુપ્રસિદ્ધ ગાયક બેલડી શ્યામલભાઈ-સૌમિલભાઈ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રદીપભાઈ ગગલાણીને અભિનંદન પાઠવ્યા હતા.

## એસ.એમ. સાર્વજનિક સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે આવેલી એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ બી.પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલમાં ગ્રાહક જાગૃતિ, વ્યસન મુક્તિ અને માર્ગ સલામતી વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ધોરણ-૬ થી ૧૧ના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવ્યા હતા.

એસ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ બી.પી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, સરઢવ તા.જિ. ગાંધીનગર શાળામાં ગ્રાહક જાગૃતિ, વ્યસન મુક્તિ અને માર્ગ સલામતી વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન શાળાના આચાર્ય વિષ્ણુભાઈ બી. પટેલે શોભાવ્યું હતું. છગનભા સાર્વજનિક પ્રાથમિક શાળાના નિયામક મહેશભાઈ પટેલ તેમજ શાળાના શિક્ષકોની ઉપસ્થિતિમાં શાળાના સિનિયર શિક્ષિકા કુ. અમીબેન ઠાકર દ્વારા શ્લોક અને પ્રાર્થનાના મધુર સુરોથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ વક્તૃત્વ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૧૧ ના વિદ્યાર્થી ભાઈ/બહેનોએ ભાગ લીધો અને ખુબજ આત્મવિશ્વાસ સાથે પોતાની રજુઆત કરી હતી. સ્પર્ધામાં એક થી ત્રણ નંબર આવનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ઈનામ આપવામાં આવ્યાં હતાં. તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે સુષ્માબેન મહેતા, કુ. અમીબેન ઠાકર અને કુ. ખુસ્બુબેન સુથારે ફરજ બજાવી હતી.

શાળાના સિનિયર શિક્ષક અશોકભાઈ પટેલે પ્રસંગને અનુરૂપ રસપ્રદ વકતાવ્ય આપ્યુ ંહતું. શાળઆના સિનિયર કલાર્ક અમરસિંહ ઠાકોરે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. અંતમાં આ કાર્યક્રમના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ વિદ્યાર્થીઓને પ્રેણાદાયી બોધ આપીને સૌને પ્રોત્સાહિત કર્યા. આ સભાનું સંચાલન શાળાના ઉત્સાહી શિક્ષકશ્રી વિજયભાઈ પટેલે કુશળતાપૂર્વક સંભાળ્યું. સભાના સમાપનમાં કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સંભાળનાર શ્રીમતી ગીતાબેન સુથારે હૃદયપૂર્વક આભાર વિધિ કરી.



### મહર્ષિ અત્રિ વિદ્યાલયમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર જિલ્લાના પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ વિદ્યાલયમાં તાજેતરમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાની ચિત્ર સ્પર્ધામાં દરેક વિદ્યાર્થીએ રસપૂર્વક ભાગ લીધો હતો.


ચિત્રસ્પર્ધામાં શાળાના ધો. ૩ના પ્રસાંત સુથારે પ્રથમ પ્રેરમા રાઠોડે દ્વિતીય અને ડિમ્પલ ડામોરે તૃતીય નંબર મેળવ્યો હતો. ધો. ૪ના રાજદીપ રાઠોડે પ્રથમ, કિરણ પટેલે દ્વિતીય અને ગાયત્રી પટેલે તૃતીય નંબર મેળવ્યો હતો. ધોરણ-૫માં કલ્પ ઓઝાનો પ્રથમ, ચાહક રૂપાવટિયાનો દ્વિતીય અને ગૌરવ જાદવનો તૃતીય નંબર અને ધોરણ-૬માં જય પટેલનો પ્રથમ, દેવર્ષ પટેલનો દ્વિતીય અને ગૌરવ પટેલનો તૃતીય નંબર આવ્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટના ઉપક્રમે સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં વીરમાયા દેવની પ્રતિકૃતિની અર્પણ વિધિ, આઈ.એ.એસ. ગૌરાંગ મકવાણાનું બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરના વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટના પ્રમુખ સુમંત મકવાણા મેનેજીંગ ટ્રસ્ટી વિજય સોલંકી તેમજ જનરલ સેક્રેટરી હરેશભાઈ ચાવડાએ એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં ડૉ. આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે વીર મેઘમાયાની શહાદત દિનની ઉજવણી પ્રસંગે વીરમાયા દેવની પ્રતિકૃતિની અર્પણવિધિ, આઈ.એ.એસ. ગૌરાંગ મકવાણાનું બહુમાન તથા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન કાર્યક્રમ ડૉ. કે.પી. સુતરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે ઈન્કમટેક્ષ કમિશનર મહીન મૌર્ય તથા અમદાવાદના અધિક કલેક્ટર દીનેશભાઈ કાપડીયા તેમજ અતિથિ વિશેષ જયંતિભાઈ જાદવ, પાટણવાડા વણકર સમાજના આગેવાન પુનમચંદ ડી. સુતરીયા, નગર નિયોજન પાટણ શહેર અને નરેશભાઈ ડી. પરમાર, સમાજીક કાર્યકર અને પ્રો. ખોડીયાર ઈલેક્ટ્રીકલ્સ, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોના વરદ હસ્તે તેજસ્વી વિદ્યાથીઓને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યો હતો. તેમજ ડૉ. બાબા સાહેબ આંબેડકર તથા વીર મેઘમાયાની તૈલચિત્રને દિપ પ્રાગટ્ય અને ફુલહાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ટ્રસ્ટના સ્થાપક સભ્યો સર્વશ્રી એમ.ટી. પરમાર, કે.બી. વણકર, બી.એસ. પરમાર તથા કે.એમ. જાદવનું શાલ તથા ફુલહારથી ટ્રસ્ટ દ્વારા સન્માન કરવામાં આવેલ. તેમજ જયંતીભાઈ જાદવ (કંબોઈ) દ્વારા પણ ઉક્ત સ્થાપક સભ્યશ્રીઓનું શાલથી સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આ ઉપરાંત સુમંત કે. મકવાણા પ્રમુખે ટ્રસ્ટની પ્રવૃત્તિઓ વિશે જાણકારી આપેલે. તેમજ વિજય એ. સોલંકી ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીએ સ્પાગત પ્રવચન કરેલ. વધુમાં પુરૂષોત્તમ જાદવ અને ડી.એમ. ભદ્રેસરીયાએ શિક્ષણ અંગે માર્ગદર્શન આપેલ. તેમજ હરેશ એમ. ચાવડા, ટ્રસ્ટના જનરલ સેક્રેટરીએ આભાર પ્રવચન આપેલ. ઉપરાંત આ કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટના ખજાનચી મહેશભાઈ મકવાણાએ સંભાળેલ હતું. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના સભ્યશ્રીઓ કુટુંબ સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## લવારપુર ગામે ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના લવારપુર ગામે પ્રકાશ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ દ્વિ શતાબ્દિ સ્મારક હાઈસ્કૂલ ખાતે તાજેતરમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરુજનોનો સન્માન સમારંભ યોજાયો હતો.

શાળાના ૧૯૭૦ની સાલના ધોરણ ૧૧ ના કુલ ૩૩ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તાજેતરમાં ભેગા થઈ તે સમયના તેમના ૬ ગુરુજનોને આમંત્રિત કરી શાલ અને પ્રેઝન્ટ આપી હૃદયપૂર્વક સન્માન કર્યું હતું. ૪૨ વર્ષે પોતાના ગુરુજનોને યાદ કરી સન્માનીત કરતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ધન્યતાની લાગણી અનુભવી હતી આ પ્રસંગે ગુરુજનોએ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તે સમયના પુણ્ય સ્મરણોને તાજા કર્યા હતા. સભાનું આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી ડૉ. કિરીટભાઈ ડૉ. કનુભાઈ, પી.પી. બહોલા, મનુભાઈ પશાભાઈ, નવીનભાઈ અને ભીખુસિંહ બિહોલા વગેરેએ કર્યું હતું. સભાનું સંચાલન અશ્વિનભાઈ પટેલે સુંદર પ્રાર્થના સાથે બોધપાઠ આપી કર્યું હતું. આ પ્રસંગે ભૂતપૂર્વ આચાર્ય સ્વ. ઈશ્વરભાઈ અને ભૂતપૂર્વ ત્રણ વિદ્યાર્થીઓના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

### આજે વિવેકાનંદ સંસ્કાર તપોવનનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં વિવેકાનંદ સંસ્કાર તપોવન છાત્રાલયના બાળકોની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના સંનિષ્ઠ પ્રયાસના ભાગરૂપે આજે તા. ૨૩મી ફેબ્રુઆરી-૨૦૧૩ને શનિવારે બપોરે ૧૨ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે વાર્ષિકોત્સવ યોજાશે. બાળકોના પ્રયત્નોને બિરદાવવા અને વિદ્યાર્થીઓની વિશિષ્ટ શક્તિઓને બિરદાવવા માટે સ્નેહીજનો ખાસ ઉપસ્થિત રહેશે.